રજુ તારીખ – ૦૪/૦૧/૨૦૨૪

દાખલ તારીખ – ૦૪/૦૧/૨૦૨૪

ફેસલ તારીખ – ૨૯/૦૨/૨૦૨૪

અવધી – વર્ષ – માસ – દિન

૦૦ – ૦૧ – ૨૫

**ગઢડાના મહે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું.ગઢડા, જી.બોટાદ**

**રે.દિ.મુ.નં.૦૭/૨૦૨૪**
**આંક– ૨૩**

વાદીઃ– ગુજરાત ઉર્જા વિકાસ નિગમ તે પી.જી.વી.સી.એલ.

સબ–ડીવીઝન ઓફીસ ગઢડા આર–૧,

**વિરૂધ્ધ**

પ્રતિવાદીઃ– રાજેશભાઇ જસમતભાઇ (મનજીભાઇ) રાઘવાણી, ઉ.વ.આ.પુખ્ત,

ધંધો–મજુરી, રહે.ભીમડાદ, હે.સાલૈયા રોડ, મો.૮૩૪૭૭૫૩૩૮૯

વેદાણીના કારખાના પાસે, તા.ગઢડા, જી.બોટાદ,

---

**દાવો રૂપિયા ૨૨,૭૪૭/– વસુલ મેળવવા માટેનો**

---

–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.––.

વાદી તરફે વિદ્વાન વકીલશ્રી ડી.એસ.રાવલ

પ્રતિવાદી તરફે વકીલશ્રી એક તરફી

–.–.––.–.––.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.–.

**–::– જજમેન્ટ –::–**

1. **દાવા અરજીની ટુંકમાં વિગતઃ–**

વાદીએ **આંક–૦૧** થી રજુ કરેલ દાવા અરજીની ટુંકમાં વિગતો જોવામાં આવે તો જણાય આવે છે કે,

વાદી ગુજરાત ગુજરાત ઈલેક્ટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ (રી–ઓર્ગેનાઈઝેશન અને રેગ્યુલેશન એક્ટ–૨૦૦૩) કાયદેસર રચાયેલ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ છે. વાદી કંપની તેના તાબા તળેનાં નિર્દિષ્ટ વિસ્તારમાં વિજળીનું વહન, વિતરણ તથા વિજ પુરવઠો પુરો પાડવા સહિતનું વિજ વપરાશ અંગેનું તમામ કામકાજ કરે છે. વાદી કંપનીના તાબા તળેના નક્કી કરેલ વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ સર્કલ ઓફીલ, ડીવીઝન ઓફીસ, સબ ડીવીઝન ઓફીસો આવેલ છે. તે પૈકીની સર્કલ ઓફીસ રાજકોટ ખાતે તથા સબ–ડીવીઝન ઓફીસ ઢસા મુકામે આવેલ છે. આ કામના પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી વિજ કનેક્શન મેળવવા કોઈ અરજી આપેલ નથી અને વાદી કંપનીએ પણ પ્રતિવાદીને કોઈપણ જાતનું કનેક્શન આપેલ નથી. તે રીતે વાદી કંપની અને પ્રતિવાદી વચ્ચે લાઈસન્સી અને ગ્રાહક સબંધ નથી કે વાદી કંપનીના ચોપડે નોંધાયેલ ગ્રાહક નથી.આમ,વાદી કંપનીના અધિકારીઓ તા.૧૦/૧૧/૨૦૨૧ ના રોજ ચેકીંગ સ્કવોર્ડના અધિકારીઓ દ્વારા ચેકીંગ કરતા આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની હળવા દબાણવાળી વિજ લાઈનમાં પીળા કલરની સર્વિસથી આંકડીયા નાખી પોતાના ઘરમાં બીન–અધિકૃત રીતે વીજ ચોરી કરતા માલુમ પડેલ લોડ ચકાસતા આ કામના પ્રતિવાદી એ કુલ **૧.૧૦૯** કી.વોટનો ગેરકાયદેસર રીતે વીજવપરાશ કરતા હોવાનુ માલુમ પડેલ. ચેકીંગશીટમાં સહી કરવાનું કહેતા સહી કરવાની ના પાડેલ.

વાદી કંપનીના કન્ડીશન ફોર સપ્લાય ઓફ ઈલેક્ટ્રીક એનર્જીની શરત નં–૧(બી)ની કન્ઝ્યુમરની વ્યાખ્યામાં તથા ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટની કલમ–૨(સી) ની ગ્રાહકની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ અમુક સમયગાળા માટે જે વ્યક્તિ પોતાની મિલ્કત માટે લાઈસન્સી એનર્જીનો ઉપયોગ કરે તેને વાદી ગ્રાહક તરીકે ગણી, તેઓએ કરેલ વિજ વપરાશના બીલની રકમ માગવા વાદી હક્કદાર છે. આ રીતે વાદી કન્ડીશન ઓફ સપ્લાય ઓફ ઈલેક્ટ્રીક એનર્જીની શરત નં–૩૪ પણ આ કામના પ્રતિવાદીને લાગુ પડે છે. પ્રતિવાદીએ વાપરેલ ગેરકાયદેસર વિજળી વપરાશનું બીલ વાદીની ગણતરી અંગેની ફોર્મ્યુલા મુજબનું વાદીએ પ્રતિવાદીને

રૂા.૧૭,૨૮૪/–નું બીલ મોકલવામાં આવેલ અને તે અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં સદર બીલની રકમ પ્રતિવાદીએ ચુકવેલ ન હોય, ચડેલ વિલંબીત ચાર્જના રૂા.૫,૪૬૩/– એમ કુલ રૂા.૨૨,૭૪૭/– વસુલ મેળવવા આ દાવો નામદાર કોર્ટમાં દાખૅલ કરવાની ફરજ પડેલ હોવાનું જણાવી વાદીએ દાદ માંગેલ છે કેઃ–

(૧) આ કામના પ્રતિવાદી અમારા વિજ પુરવણી બીલનાં રૂા.૧૭,૨૮૪/– અને તેના પર ચડેલ ડી.પી.સી. ચાર્જના રૂા.૫,૪૬૩/–એમ કુલ રૂા.૨૨,૭૪૭/– આ દાવાના ખર્ચ સાથે એકી સાથે વસુલ આપે અને જો આ કામના પ્રતિવાદી અમો વાદીની ઉપરોક્ત લેણી રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો અમો વાદી તેઓની તમામ લેણી રકમ આ કામના પ્રતિવાદીની સ્થાવર–જંગમ ભૂત મિલ્કતોથી એકીસાથે વસુલ લઈ શકીએ તેનું હુકમનામું અમો વાદીના લાભમાં અને આ કામના પ્રતિવાદીની વિરૂધ્ધમાં કરી આપવા મહે. કરશો.

(૨) દાવા તારીખથી અમો વાદીની લેણી રકમ વસુલ થાય ત્યાં સુધી અમો વાદીની લેણી રકમ ઉપર ૧૮% લેખે વ્યાજ અપાવવા અને આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા હુકમ કરવા મહે. કરશો.

(૩) આ દાવાને લગત અન્ય આનુષંગીક દાદ કે દાદો અપાવવા મહે. કરશો.

2. સદર કામના પ્રતિવાદીને દાવાના કામે સમન્સ કાઢવામાં આવતાં તેઓને સમન્સની ધોરણસરની બજવણી થઈ હતી. તેમ છતાં પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી મારફત હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી. આમ, પ્રતિવાદીને વ્યાજબી અને ન્યાયી તક આપવા છતાં હાજર થયેલ ન હોય,દિવાની કાર્યરીતી સંહિતાના ઓર્ડર ૯ રૂલ ૬ અન્વયે હાલના દાવાની કાર્યવાહી પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી ચલાવવાનો હુકમ તા.૦૯/૦૨/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે.

**3.** સદર દાવાના કામે પક્ષકારો વચ્ચેની તકરારોના નિર્ણય અર્થે **આંક–૦૬** થી નીચે મુજબના મુદ્દા ઘડ્યા છે.

1. Whether the plaintiff Company proves that the defendant has pilferage the electricity from the electric line of the plaintiff Board?
2. Whether the plaintiff Company proves that they are entitled to recover the amount as prayed for?
3. Whether the plaintiff is entitled to get interest on due amount? If, Yes, at what rate?
4. What Order and Decree?

**4.** ઉપરોક્ત મુદ્દા અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

1. હકારમાં
2. હકારમાં
3. અંશતઃ હકારમાં
4. આખરી હુકમ અનુસાર

**5.** **<u>વાદી તરફે મૌખિક પુરાવોઃ</u>–**

| અનુ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| (૧) | નાયબ ઈજનેર શ્રી એસ.જે.મકવાણાનું પુરાવાનું સોગંદનામું | ૦૭ |

**વાદી તરફેનો દસ્તાવેજી પુરાવોઃ–**

| અનુ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પ્રફોર્મા નં.૧૨ | ૦૯ |
| (૨) | ડી.પી.સી. સ્ટેટમેન્ટ | ૧૦ |
| (૩) | આર.પી.એડી. કવર | ૧૧ |
| (૪) | લીગલ નોટીસ | ૧૨ |
| (૫) | એફ.આર.આઇ. | ૧૩ |
| (૬) | એફ.આર.આઇ.નોંધવા પત્ર | ૧૪ |
| (૭) | પુરવણી બીલ | ૧૫ |
| (૮) | એનેક્ષર–સી | ૧૬ |
| (૯) | ડીટેલ બીલ | ૧૭ |
| (૧૦) | ચાર્જ બીલ | ૧૮ |
| (૧૧) | તપાસણી અહેવાલ | ૧૯ |
| (૧૨) | રોજકામ | ૨૦ |
| (૧૩) | એનેક્ષર–૪ | ૨૧ |

**6.** જ્યારે પ્રતિવાદી પક્ષે કોઈ જ મૌખિક કે લેખિત પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**7.** ઉપરોક્ત મુદ્દાના નિર્ણય માટેના કારણોની ચર્ચામાં પુરાવાના કાયદાના કેટલાક મહત્વના સિધ્ધાંત, કે જે સિધ્ધાંતોને વખતોવખત નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ગુજરાત વડી અદાલતે પોતાના ચુકાદાઓમાં સમર્થન આપેલ છે,તેવા સિધ્ધાંતોની ચર્ચા કરવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

૧.જ્યારે કોઈ વ્યક્તિ એવું ઈચ્છતી હોય કે, ચોક્કસ હકીકતનું અસ્તિત્વ અદાલત માને ત્યારે તેવું ઈચ્છતી વ્યક્તિ પર તે હકીકત સાબિત કરવાની જવાબદારી રહે છે. કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા માટે વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે સાબિતીનો બોજો તે વ્યક્તિ પર છે તેમ ગણાય.

૨.ઉપલી અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત મુજબ દિવાની કિસ્સામાં જ્યારે વાદી પોતાનો દાવો લઈને અદાલત સમક્ષ આવતા હોય ત્યારે તેમણે તે હકીકત, સંભવિતતાની ઉંચી માત્રા અને સમતોલ પુરાવાથી અને માત્ર પોતાના પુરાવાથી જ સાબિત કરવાની રહે છે. પ્રતિવાદીએ કોઈ પણ બચાવ લીધો હોય અને પ્રતિવાદી પોતાનો કેસ સાબિત કરી શકે નહીં તો માત્ર એટલાં કારણોસર એમ કહી શકાય નહીં કે, વાદીનો દાવો સાચો છે. વાદીએ પોતાના પુરાવાથી જ પોતાની હકીકત સાબિત કરવાની રહે છે. સામાપક્ષનો પુરાવો નબળો છે તે કારણે વાદીનો દાવો સાચો છે તેમ કહીં શકાય નહીં.

સદર દાવાના કામે વાદીએ પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે મૌખિક અને લેખિત પુરાવા રજુ કરેલ છે. વાદીએ રજુ કરેલા મૌખિક અને લેખિત પુરાવા,વાદીના વિદ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાનમાં લેતાં ઉપરોક્ત પેરા–૩માં જણાવેલ મુદ્દા અંગે પેરા–૪ માં જણાવવામાં આવેલ નીર્ણય અંગેના કારણો નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

## 1. <u>મુદ્દા અંગેના કારણો</u>

**8.** સદર દાવાના કામે ઉપરોક્ત તમામ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, પુરાવાનું બિનજરૂરી પુનરાવર્તન અટકાવવાના આશયથી તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવાનું ન્યાયોચિત જણાતા તે રીતે મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

**૧. મુદ્દા નં.૧ અને ૨**

વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ કંપનીની હાલની દાવા અરજીમાં જણાવ્યા મુજબ પ્રતિવાદી ગ્રાહક નહીં હોવા છતાં તેમના ઘરે વાદી કંપનીના ચેકીંગ સ્ક્વોર્ડ ના

અધિકારીઓ દ્વારા તા.૧૦/૧૧/૨૦૨૧ ના રોજ ચેકીંગ સ્ક્વોર્ડના અધિકારીઓ દ્વારા ચેકીંગ કરતા આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની હળવા દબાણવાળી વિજ લાઈનમાં પીળા કલરની સર્વિસથી આંકડીયા નાખી પોતાના ઘરમાં બીન અધિકૃત રીતે વીજ ચોરી કરતા માલુમ પડેલ લોડ ચકાસતા આ કામના પ્રતિવાદી એ ૧.૧૦૯ કી.વોટનો ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરતા હોવાનુ માલુમ પડેલ.

વાદી કંપનીની હાલની દાવા અરજીના સમર્થનમાં વાદી કંપનીના નાયબ ઈજનેર નાઓ દ્વારા **આંક–૦૭** થી તેઓનું પુરાવારૂપી સોગંદનામું રજુ રાખવામાં આવે છે. જેમાં તેઓએ સોગંદ ઉપર એવી હકીકત જણાવેલ છે કે, તા.૧૦/૧૧/૨૦૨૧ ના રોજ ચેકીંગ સ્ક્વોર્ડના અધિકારીઓ દ્વારા ચેકીંગ કરતા આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની હળવા દબાણવાળી વિજ લાઈનમાં પીળા કલરની સર્વિસથી આંકડીયા નાખી પોતાના ઘરમાં બીન અધિકૃત રીતે વીજ ચોરી કરતા માલુમ પડેલ લોડ ચકાસતા આ કામના પ્રતિવાદીએ ૧.૧૦૯ કી.વોટનો ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરતા હોવાનુ માલુમ પડેલ. વાદીના સાહેદની આ સોગંદ ઉપરની જુબાનીને પ્રતિવાદી તરફે પડકારવામાં આવેલ નથી. આ સંજોગામાં વાદીના સાહેદની બિનપડકારાયેલ સોગંદ ઉપરની જુબાની માનવાપાત્ર બને છે. આ સંજોગોમાં આ કોર્ટ એવા નિર્ણય ઉપર આવે છે કે, પ્રતિવાદીએ વાદી કંપનીની વિજ લાઈનમાંથી ગેરકાયદેસર વાયરો જોડી વિજ વપરાશ કરી, પાવર ચોરી કરેલ છે.અગાઉ નોંધ્યા મુજબ આ કામના પ્રતિવાદીએ તા.૧૦/૧૧/૨૦૨૧ ના રોજ ચેકીંગ સ્ક્વોર્ડના અધિકારીઓ દ્વારા ચેકીંગ કરતા આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની હળવા દબાણવાળી વિજ લાઈનમાં પીળા કલરની સર્વિસથી આંકડીયા નાખી પોતાના ઘરમાં બીન અધિકૃત રીતે વીજ ચોરી કરતા માલુમ પડેલ લોડ ચકાસતા આ કામના પ્રતિવાદીએ ૧.૧૦૯ કી.વોટનો ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરતા હોવાનુ માલુમ પડેલ. જેથી આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ ભાવનગર જી.યુ.વી.એલ.એલ. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવા વાદી કંપની દ્વારા પત્ર મોકલવામાં આવેલ, વધુમાં પ્રતિવાદીએ વાદી કંપનીની હળવા દબાણવાળી વિજ લાઈનમાં ગેરકાયદેસર રીતે વાયર લંબાવી વિજચોરી કરેલ અને જે અંગેના બીલના રૂા.૧૭,૨૮૪/– નું બીલ મોકલવામાં આવેલ અને તે

અન્વયે નોટીસ આપવામાં આવેલ. આમ છતાં સદર બીલની રકમ પ્રતિવાદીએ ચુકવેલ ન હોય, ચડેલ ડી.પી.સી.ચાર્જના રૂ.૫,૪૬૩/–એમ કુલ રૂ.૨૨,૭૪૭/–વાદી કંપનીના લેણા પડે છે.

વધુમાં આ કામે **આંક–૦૯ થી આંક–૨૧** દરમ્યાન વાદી કંપની તરફે પોતાના પુરાવાની ખરી નકલ રજુ કરેલ છે. ઉપરોક્ત તમામ પુરાવાઓ વંચાણે લેતાં એવું સાબિત થાય છે કે, પ્રતિવાદી દ્વારા વાદી કંપની પાસેથી વિજ જોડાણ ન મેળવેલ હોવા છતાં હળવા દબાણવાળી વિજ લાઈનના વિજ પોલ પરથી સર્વિસ વાયર લગાડી તેનો પોતાના ઘરમાં લંબાવી, ગેરકાયદેસર રીતે વિજ વપરાશ કરતા હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે. **આંક–૦૭** થી પુરાવાનું સોગંદનામું રજુ કરનાર સાહેદ વાદી કંપનીના ફરજ પરના અધિકારી છે, તેમને પ્રતિવાદી સાથે કોઈ અંગત દુશ્મનાવટ હોય, તેમ જણાતું નથી તેમજ પ્રતિવાદી વિરૂધ્ધ ખોટી રીતે કાર્યવાહી કરવાનું પણ કોઈ કારણ જણાતું નથી. ઉપરોક્ત સાહેદે વાદીના દાવાને સમર્થન આપેલ છે અને તેઓની સોગંદ ઉપરની હકીકતોને પ્રતિવાદીએ અત્રેની કોર્ટમાં હાજર રહી, પડકારેલ નથી કે તેઓની કોઈ ઉલટતપાસ કરેલ નથી. જેથી સદર સાહેદની જુબાનીને નહીં માનવાને કોઈ કારણ જણાતું નથી. આ સંજોગોમાં વાદી પ્રતિવાદી પાસે તેની દાવાવાળી રકમ લેણી થતી હોવાનું પુરવાર કરવામાં સફળ થતાં હોવાનું જણાતું હોય, મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**૨. મુદ્દા નં.૩**

વાદી કંપની વિજ ઉત્પાદન અને ડીસ્ટ્રીબ્યુશનના કાર્યમાં રોકાયેલી કંપની છે અને તે માટે તેણે મોટી રકમનું રોકાણ કરેલ છે અને આ રોકાણના નાણાં મેળવવા માટે તેમને વ્યાજ પણ ચુકવવું પડતું હોય છે. વાદીને પ્રતિવાદીએ નાણાં નહીં ચુકવી વાદીને વ્યાજ ખાધનું નુકશાન કરેલ છે. વાદીએ માંગેલ દાદ નાણા ચુકવવા અંગેની છે. આ સંજોગોમાં સિવિલ પ્રોસીજર કોડની કલમ–૩૪ અન્વયે તથા **(AIR 1988 SC 1520)** મુજબ બાકી રકમ ઉપર વાદી પ્રતિવાદી પાસેથી દાવાની તારીખથી ૬% વ્યાજ મેળવવા હક્કદાર બને છે. તેથી

મુદ્દા નં.૩ નો નિર્ણય અંશતઃ હકારમાં આપવામાં આવે છે, અને વ્યાજનો દર ૬% ઠરાવવામાં આવે છે.

**૭. મુદ્દા નં.૪ બાબતે**

સદર દાવાના કામે મુદ્દા નં.૧, ૨નો હકારમાં તથા મુદ્દા નં.૩ નો જવાબ અંશતઃ હકારમાં હોય, **મુદ્દા નં.૪** ના નિર્ણય અર્થે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

**-: : હુ ક મ : :-**

– આથી વાદીનો દાવો **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

– વાદી કંપની, પ્રતિવાદી પાસે થી બાકી લેણી રકમ રૂા.**૨૨,૭૪૭**/-( અંકે રૂપિયા બાવીસ હજાર સાતસો ચુડતાલીસ પુરા) દાવાની તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક **૬%** ટકાના સાદા વ્યાજ સાથે પ્રતિવાદીની જાત તથા દરેક પ્રકારની સ્થાવર,જંગમ મિલ્કતથી વસુલ મેળવવા હક્કદાર છે.તેવું વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં હુકમનામું કરી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

– પ્રતિવાદીએ પોતે પોતાનો ખર્ચ ભોગવવો તથા વાદીના દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીએ વાદીને ચૂકવવો.

– હુકમ મુજબ હુકમનામું દોરવું.

ઉપરોક્ત હુકમ આજ તારીખ ૨૯મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ-ગઢડા**
**તા.૨૯/૦૨/૨૦૨૪**

**(રાહુલ લલિતભાઇ ત્રિવેદી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ, ગઢડા**
**જી.જે.૦૦૫૬૨**